dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન
Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org
December 2013 For private circulation only Vol. 05 - Issue 120

વતન મેં થે તો વતન કે લોગ તંગ કરતે થે
વતન સે આયે તો યાદે વતન સતાતી હૈ

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

કવિ ઉશનસ્ આપણી ભાષાના બહુ મોટા ગજાના કવિ. સુંદર સૉનેટ-રચનાઓ એમની પાસેથી આપણને પ્રાપ્ત થઈ છે. પણ આજે એમની કલમે સર્જાયેલા અને જે કાવ્યને લઈ એ ઓળખાયા અને ઓળખાતા રહેશે તે કાવ્ય વિશે વાત કરવી છે. ખાસ તો એટલા માટે કે ઉશનસનું આ કાવ્ય પ્રસંગોચિત છે. એ કાવ્ય દિવાળીના વેકેશનને વિષય બનાવીને એમણે લખ્યું છે. કાવ્ય ભલે ઉશનસ્‌ની કલમે સર્જાયું હોય પણ એમાં જે વાત મૂકવામાં આવી છે તે મારી તમારી છે. આપણે સૌ સતત્ કામમાં પરોવાયેલા હોઈએ. વતન ગમે તેટલું વહાલું હોવા છતાં ધંધાર્થે દેશાટન કરવું પડે... બીજા ગામ-પ્રદેશમાં રોજી-રોટી મેળવવા જવું પડે. પણ વારે-તહેવારે વતનની માટી સાદ પાડે, સ્વજનો સ્મરણે ચઢે ને ઘર-વતન તરફ જવા મન ઉતાવળું બને. ગઝલકાર આદિલ મન્સૂરી અચૂક યાદ આવે. તેઓ લખે છે :

"વતનની ધૂળથી માથું ભરી લઉં આદિલ,
અરે આ ધૂળ પછી ઉમ્રભર મળે ન મળે."

જયાં પા પા પગલીઓ પાડી હોય, જયાં સંતાકૂકડી કે ગીલ્લીદંડા રમ્યા હોઈએ; જયાં માનો ખાળો ખૂંદયો હોય, જયાંથી ભેરુઓ મળ્યા હોય ત્યાં જવા સ્વાભાવિક રીતે જ મન તરસે, તડપે. બીજે છેડે ગામવતનમાં વસતા વત્સલ સ્વજનો પણ રાહ જોતાં હોય. બધું જ ભૂલીને પરિવાર સાથે આનંદ આનંદ અને કેવળ આનંદ. પણ રજાઓ પૂર્ણ થતાં કર્મભૂમિમાં પાછા ફરવું પડે. પ્રસન્નતા ઓસરતી જાય. આપણી અને સાથે સ્વજનોની પણ. પણ ઘરનું કેન્દ્ર એવી બાની મનઃસ્થિતિ બહુ નાજૂક હોય એ વિશે આપણે કદી વિચાર્યું છે ખરું ? દિવાળીની રજાઓ પૂર્ણ થઈ છે ને સૌ માદરે વતનથી પાછા ફર્યા છો ત્યારે ઝીણી સંવેદનાથી સભર ઉશનસ્‌નું આ કાવ્ય તમારા હૃદયદ્વાર પર ટકોરા મારવા માટે મોકલું છું. કવિતાનું શીર્ષક છે 'વળાવી બા આવી.' શકય છે આ કાવ્ય વાંચી તમારી પાંપણો ભીંજાશે. :

રજાઓ દિવાળી તણી થઈ પૂરી, ને ઘરમહીં
દહાડાઓ કેરી સ્ખલિત થઈ શાંતિ પ્રથમની,
વસેલાં ધંધાર્થે દૂરસુદૂર સંતાન નિજનાં
જવાનાં કાલે તો, જનકજનની ને ઘરતણાં
સદાનાં ગંગામાસ્વરૂપ ઘરડાં ફોઈ, સહુએ
લખાયેલો કર્મે વિરલ મિલને તે રજનીએ
નિહાળ્યો સૌ વચ્ચે નિયત કરી બેઠો નિજ જગા,
ઉવેખી એને સૌ જરઠ વળી વાતે સૂઈ ગયાં;
સવારે ભાભીનું ભર્યું ઘર લઈ ભાઈ ઊપડયા,
ગઈ અર્ધી વસ્તી, ઘર થઈ ગયું શાંત સઘળું,
બપોરે બે ભાઈ અવર ઊપડયા લેઈ નિજની
નવોઢા ભાર્યાઓ પ્રિય વચનમંદ સ્મિત વતી;
વળાવી બા આવી નિજ સકલ સંતાન ક્રમશઃ,
ગૃહવ્યાપી જોયો વિરહ, પડી બેસી પગથિયે.

કયારેક કયારેક વતનથી આપણે પાછા ફરતાં હોઈશું ત્યારે આપણી મનઃસ્થિતિ યે આવી થતી જ હશે. માટી સાદ પાડે ત્યારે મન એ માટીને મળવા ઉતાવળું બને જ બને. બીજું બધું તો ઠીક પણ મારાપણાનો ભાવ બહુ મહત્ત્વનો છે. મારાપણાના ભાવ સાથે આપણે જયારે જોડાઈએ છીએ ત્યારે વાત કંઈ ઔર બનતી હોય છે.

તા. ૩૦ ડિસેમ્બર, ૨૦૧૩

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## કાર્ય શિબિર

રિસર્ચ સેન્ટર ફોર ટ્રેઈનીંગ એન્ડ ડેવલપમેન્ટ, કેનેડા દ્વારા "માસ્ટરીંગ રીસર્ચ ટૂલ્સ" પર બે-દિવસીય આંતરરાષ્ટ્રીય કાર્યશિબિરનું આયોજન તા. ૪ અને ૫ ડિસે. ૨૦૧૩ દરમ્યાન કરવામાં આવ્યું હતું. જેમાં વિશ્વના વિવિધ દેશોમાંથી પ્રાધ્યાપકો અને રીસર્ચ સ્કોલર્સએ ભાગ લીધો હતો. યુનિવર્સિટીના હ્યુમન રિસોર્સ ડેવલપમેન્ટ વિભાગના અધ્યાપકોએ આ કાર્યશિબિરમાં ભાગ લીધો હતો. આ કાર્યશિબિરની ખાસ સૂચક વાત એ હતી કે દરેક સહભાગીઓ પોતપોતાની સંસ્થામાં જ રહીને, વિડીઓ કોન્ફરન્સીંગ દ્વારા ભાગ લીધો હતો. આઠ સત્રોમાં આયોજિત આ કાર્યશિબિરમાં NVivo, EndNote, G*Power, R. Amos તેમજ SPSS જેવા સોફ્ટવેરનો સંશોધનમાં ઉપયોગ તેમજ સંદર્ભસૂચી તૈયાર કરતા શીખવવામાં આવ્યું હતું. અલગ-અલગ દેશમાં સ્થિત, જેતે વિષય / સોફ્ટવેરના નિષ્ણાંતોએ પોતાના જ દેશમાં રહી આ વ્યાખ્યાનો આપ્યા હતા. આ વ્યાખ્યાનો દરમિયાન કોઈ સંશોધકને કોઈ પ્રશ્ન ઉદ્‌ભવે તો તે જ સમયે જેતે નિષ્ણાંતને પૂછી તેનો ઉકેલ લાવી શકે. વ્યાખ્યાનની સાથે-સાથે કાર્યશિબિરના સહભાગીઓને પ્રેકટીસ માટે પણ સમય ફાળવવામાં આવે અને તેઓ પોતે જે કરે છે તે અન્ય સહભાગી સાથે કે નિષ્ણાંતને પૂછી તેનો ઉકેલ લાવી શકે. વ્યાખ્યાનની સાથે-સાથે કાર્યશિબિરના સહભાગીઓને પ્રેકટીસ માટે પણ સમય ફાળવવામાં આવે અને તેઓ પોતે જે કરે છે તે અન્ય સહભાગી સાથે કે નિષ્ણાંત સાથે શેર પણ કરી શકે. આ કાર્યશિબિરમાં સંશોધકોને ઉપયોગી તાલીમ આપવામાં આવી હતી. પોતાની સંસ્થામાં રહીને ખૂબ જ ઓછા ખર્ચમાં આંતરરાષ્ટ્રીય કાર્યશિબિરમાં ભાગ લઈ અધ્યાપક પોતાની સજ્જતા વધારી શકે છે અને સ્થાનિક વિદ્યાર્થીઓના ઘડતરમાં અગત્યની ભૂમિકા ભજવી શકે છે.

## RUSA












MHRD, ન્યુ દિલ્હી દ્વારા નવીન Centrally Sponsored Scheme (CSS) "Rashtriya Uchchatar Shiksha Abhiyan (RUSA)" દાખલ કરવામાં આવી રહી છે જે અંતર્ગત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે તા. ૬-૧૨-૧૩ના રોજ યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોના વડાશ્રીઓ, યુનિવર્સિટી સંલગ્ન સરકારી તેમજ બિન સરકારી અનુદાનિત કોલેજોના આચાર્યશ્રીઓને RUSA અંગે માર્ગદર્શન આપવા શિક્ષણ વિભાગ, ગુજરાત રાજયના અગ્રસચિવશ્રી શ્રી એ.એમ. તિવારી તથા Knowledge Consortium of Gujarat ના ડાયરેકટર ડૉ. વેદાંત પંડયા ઉપસ્થિત રહયા હતા. RUSA અંગે માર્ગદર્શન શ્રી એમ. એમ. તિવારી, ડૉ. વેદાંત પંડયા દ્વારા અલગ અલગ ત્રણ વિભાગોમાં સમગ્ર દિવસ દરમ્યાન પ્રથમ યુનિવર્સિટીના વડાશ્રીઓને, દ્વિતીય સેસનમાં સરકારી કોલેજોના આચાર્યશ્રીઓને તેમજ ત્રીજા સેસનમાં બિનસરકારી અનુદાનિત કોલેજોના આચાર્યશ્રીઓને આપવામાં આવેલ હતું.

કાર્યક્રમની શરૂઆતમાં કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરે બદલતા સમયને અનુરૂપ નવીન યોજનાઓને સ્વીકારી ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે પ્રગતિ સાધવાનું જણાવ્યું હતું.

KCG ડાયરેકટર ડૉ. વેદાંત પંડયા દ્વારા RUSA અંગે વિસ્તૃત સમજ આપી હતી. જે અંતર્ગત તેમણે RUSAનો ઉદ્દેશ, કામગીરી, પ્રક્રિયા, યોજનાઓ (Components), ઈન્સ્ટીટયુઅનલ મીકેનીઝમ, વગેરેની સમજ તેમજ માર્ગદર્શન પુરું પાડેલ હતું. RUSA અંતર્ગત ફંડ મેળવવા માટે State Universities એ KCGને Institutional Development Plan (IDP) મોકલવાનો રહેશે. IDPમાં

યુનિવર્સિટીએ શિક્ષણની ગુણવત્તા સુધારવા અંગે તેમજ Academic, Administrative, Examination, Governance Reform ધ્યાને રાખી લાંબાગાળાના આયોજન અંગે દરખાસ્ત KCGને મોકલવાની રહેશે. કોલેજોએ પણ જે તે યુનિવર્સિટીના IQACના માર્ગદર્શનમાં રહી તેઓની IDP KCGને મોકલવાનો રહેશે. સમગ્ર રાજયની State Universities, Govt. College, તેમજ GIA Collegeltt IDP સંદર્ભે State Government Education Dept. દ્વારા તેઓનો IDP તૈયાર કરી RUSA, દિલ્હીને મોકલવાનો રહેશે. જેના આધારે RUSA, જે તે રાજય સરકારોને શિક્ષણ અંગે યુનિવર્સિટી તેમજ કોલેજોની ગ્રાંટો KCGને મોકલશે. જે ગ્રાંટ KCG દ્વારા યુનિવર્સિટી તેમજ કોલેજોને મોકલવામાં આવશે.

કાર્યક્રમમાં શિક્ષણ વિભાગના અગ્ર સચિવ શ્રી એ.એમ. તિવારીએ પણ RUSA અંગે માર્ગદર્શન આપ્યું હતું તેમજ યુનિવર્સિટીઓને વિદ્યાર્થીઓની રોજગારી અંગે રોજગારીલક્ષી અભ્યાસક્રમો શરૂ કરવા તેમજ તે અંગે રાજય સરકારને દરખાસ્ત કરવા જણાવ્યું હતું.

ડૉ. જે. આર. મહેતા, કુલસચિવશ્રી આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહયા હતા. તેમજ ડૉ. અપૂર્વ દેસાઈ, વડાશ્રી, કોમ્પ્યુટર સાયન્સ, તેમજ IQAC ડાયરેકટર દ્વારા આભારવિધિ કરવામાં આવેલ હતી.

## એન.એસ.એસ.

ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય દ્વારા દર વર્ષે રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત વિશિષ્ટ કામગીરી કરતી યુનિવર્સિટીઓ/હાયર સેકન્ડરી બોર્ડ, કોલેજોની એન.એસ.એસ. યુનિટો, પ્રોગ્રામ ઓફિસરો તેમજ સ્વયંસેવકોને ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય સેવા યોજના પુરસ્કાર આપવામાં આવે છે. જેમાં એક વિશિષ્ટ યુનિવર્સિટી/બોર્ડ, એક ડેવલોપીંગ યુનિવર્સિટી, ૧૦ પ્રોગ્રામ ઓફિસર, ૧૦ એન.એસ.એસ. યુનિટ અને ૩૦ સ્વયંસેવકોને માનદ્ પુરસ્કાર, મેડલ અને પ્રમાણપત્ર આપવામાં આવે છે.

વર્ષ ૨૦૧૩-૧૩માં ગુજરાત રાજયને ત્રણ એવોર્ડ પ્રાપ્ત થયેલ છે. જેમાંથી બે (૨) પુરસ્કાર વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોને ફાળે જાય છે. આ ક્રમમાં પ્રો. મયંક કે. શાહ, પ્રોગ્રામ ઓફિસર, જે.એમ. શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, જંબુસર જી. ભરૂચ અને કું. સુનિતા રાજપ્રિન્સ રાજેશ, સ્વયંસેવિકા, શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડને વિશિષ્ટ કામગીરી બદલ એવોર્ડ મળેલ છે. પુરસ્કાર વિતરણ કાર્યક્રમ, દરબાર હોલ, રાષ્ટ્રપતિ ભવન, નવી દિલ્હી ખાતે મા. રાષ્ટ્રપતિશ્રીના હસ્તે તા. ૧૯-૧૧-૧૩ના રોજ આપવામાં આવ્યો હતો.

આ સાથે જે. એમ. શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના આચાર્યશ્રી ડૉ. આઈ. એમ. ભાનાને સંસ્થા માટે શિલ્ડ અને એન.એસ.એસ. પ્રવૃત્તિના વેગ માટે રૂા. ૭૦,૦૦૦/-નો ચેક આપવામાં આવ્યો હતો. પ્રો. મયંકભાઈ કે. શાહને રૂા. ૨૦,૦૦૦/- પુરસ્કાર, મેડલ, અને પ્રમાણપત્ર, અને કુ. સુનિતા રાજપ્રિન્સ રાજેશને રૂા. ૧૫,૦૦૦/- પુરસ્કાર, મેડલ અને પ્રમાણપત્ર આપવામાં આવ્યો હતો. સદર કાર્યક્રમમાં શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના આચાર્ય અને યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્યશ્રી, ડૉ. જે.એમ. નાયક તથા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ઈ.ચા. પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર, ડૉ. એ.એન. માલવિયા હાજર રહયા હતા.

પ્રો. મયંક કે. શાહ અને કુ. સુનિતાને આ પુરસ્કાર મળ્યા બાદ કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર, કુલસચિવશ્રી ડૉ. જે.આર. મહેતા અને રાષ્ટ્રીય સેવા યોજના પ્રાદેશિક કચેરીના યુવા અધિકારી અને વડાશ્રી કમલકુમાર કર અને સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ અને પ્રોગ્રામ ઓફિસરશ્રીઓએ વિશેષ અભિનંદન પાઠવ્યા હતા.







## અતિથિ-વિશેષ વ્યાખ્યાન



જૈન સાહિત્યના નોંધપાત્ર વિદ્વાન તથા મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિષયના પ્રો. અભય દોશી યુનિવર્સિટીના ગુજરાતી વિભાગમાં અતિથિ-વિશેષ વ્યાખ્યાન અંતર્ગત 'અનુઆધુનિકતાવાદ : ગુજરાતી સાહિત્ય સંદર્ભે' મનનીય વ્યાખ્યાન આપી વિદ્યાર્થીઓને ચર્ચા માટે આવકાર્યા હતા. ડૉ. અભય દોશીએ અનુઆધુનિકતા સંદર્ભે ભૂમિકારૂપે આધુનિકતાની ચર્ચા કરી હતી. ફ્રોઈડ તથા ડાર્વિન જેવા ચિંતકો વિચારકોના પ્રભાવે ધર્મકેન્દ્રી વિચારણાને સ્થાને તર્કબદ્ધ તથા મનોવૈજ્ઞાનિક વાસ્તવને લક્ષમાં લેતી વિચારણા આધુનિક યુગમાં કેન્દ્રસ્થ બની. બે વિશ્વયુદ્ધોની વિનાશકતાએ પણ આધુનિકતાને પ્રબળ બનાવવાનું કાર્ય કર્યું. એ પછીના કાળમાં ઝાક દેરિદાની વિચારણાએ યુરોપની પુરુષ સત્તાને સ્થાને સ્ત્રીઓ, આફ્રિકનો તથા અપંગો વગેરેના વિવિધ કેન્દ્રોથી સાહિત્યવિચારણા પ્રભાવિત થઈ. ભારતીય તથા ગુજરાતી સાહિત્ય સંદર્ભે દલિત અને નારીચેતના કેન્દ્રમાં આવી. ઈલા આરબ મહેતા, હિમાંશી શેલત, કુન્દનિકા કાપડિયા સર્જકોએ નારીચેતનાની કથાઓ લખી. એ સાથે ગ્રામ ચેતના અને આજના યુગના પ્રશ્નો પરથી પર્યાવરણ કેન્દ્રી વિચારણા પણ ગુજરાતી અનુઆધુનિક સાહિત્યને પ્રભાવિત કરી રહી છે.

ડૉ. અભય દોશીએ અન્ય ગુજરાતી સાહિત્યની કૃતિઓના દ્રષ્ટાંતો આપીને નારીવાદ, ગ્રામીણ ચેતના તથા દલિત સંવેદનના નિરૂપણ સંદર્ભે સર્જકો કેવા પ્રકારના નવોન્મેષ પ્રગટાવી રહયા છે, એની વિશદ ચર્ચા કરી હતી. વિદ્યાર્થીઓએ પ્રશ્નોત્તરીમાં ભાગ લીધો હતો.

# કોલેજ ન્યૂઝ

## એન.એસ.એસ.




વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, બીલીમોરાનો રાષ્ટ્રીય સેવા યોજનાનો ખાસ શિબિર ખાટાઆંબા, તા. વાંસદા મુકામે નવજીવન કેળવણી મંડળ સંચાલિત માધ્યમિકશાળાના મકાનમાં દિવાળી વેકેશન દરમ્યાન યોજાઈ ગયો. આ ખાસ શિબિરનો ઉદ્‌ઘાટન સમારંભ આચાર્યશ્રી ડૉ. એમ.એન. વશીની અધ્યક્ષતામાં યોજાયો, જેમાં નવજીવન કેળવણી મંડળના પ્રમુખશ્રી મણીલાલભાઈ પટેલ અને મંત્રીશ્રી લાલજીભાઈ પવાર ઉપસ્થિત રહયા હતા. મણીભાઈએ અગવડમાં સગવડ માનવાનો બોધ આપતા પોતાના કોલેજ જીવનના એન.એસ.એસ.ના સ્મરણો વાગોળ્યા હતા. પ્રિ. ડૉ. એમ.એન. વશીએ જીવનમાં શ્રમનું મહત્વ દર્શાવી વિદ્યાર્થીઓને એન.એસ.એસ.ની પ્રવૃત્તિમાં જોડાવા બદલ અભિનંદન આપ્યા હતા. મહેમાનોનો પરિચય તથા એન.એસ.એસ. પ્રવૃત્તિ વિશે પ્રા. જયંત પટેલે વિસ્તૃત માહિતી આપી હતી. ખાસ શિબિર દરમ્યાન શિબિરાર્થીઓએ પ્રભાત ફેરી, શ્રમ અને સફાઈ કાર્ય, બૌદ્ધિક વ્યાખ્યાન, રમત-ગમત તથા વનવાસીઓના જીવન-કાર્યને નજીકથી જોવા જાણવાની પ્રવૃત્તિ કરી હતી. દરરોજ યોજાતા બૌદ્ધિક વ્યાખ્યાનમાં વકતાઓ તરીકે પ્રા. મોહનભાઈ પટેલે 'જીવનનો મર્મ-હકારાત્મક અભિગમ' વિષય પર મનનીય પ્રવચન આપી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. સાઈ કથાકાર બાબાનંદજી ઉર્ફે બાબુભાઈ પારસીએ વિદ્યાર્થીઓને એન.એસ.એસ.ની પ્રવૃત્તિમં શ્રમયજ્ઞનું મહત્વ દર્શાવી આ ધરતીનું તમારા પર ઋણ હશે તેમાંથી તમે મુકત થઈ રહયાનું જણાવી રાષ્ટ્રની સેવા કરવાની ઉમદા શીખ આપી હતી. પ્રજાપતિ બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય બીલીમોરા સેન્ટરના ગુરુદેવીબેન તથા મિનાક્ષીબેન પાનવાલાએ અનુક્રમે 'યુવાનો અને નૈતિક મૂલ્યો' તથા 'યુવાનો અને વ્યસન મુકિત' પર વિદ્યાર્થી ભોગ્ય પ્રવચન આપ્યા હતા. ખાસ શિબિરનો સમાપન સમારોહ નવજીવન કેળવણી મંડળના મંત્રી લાલજીભાઈ પવારના અધ્યક્ષ સ્થાને યોજાયો જેના અતિથિ વિશેષ તરીકે ગામના સરપંચશ્રી બિપિનભાઈ પટેલ તથા ઉપસરપંચશ્રી સુરેશભાઈ ગાંવિત ઉપસ્થિત રહયા હતા. ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત ગ્રામજનોની હાજરી વચ્ચે શિબિરાર્થી ભાઈ-બહેનોએ પ્રાર્થના, સ્વાગત નૃત્ય, એન.એસ.એસ.નું લક્ષ્યગીત, રાજસ્થાની નૃત્ય, ફિલ્મી ડાન્સ, નાટક, એકપાત્રીય અભિનય, સમૂહગીત, ગરબો, સનેડો, હળવા સમાચાર વાંચન, મિમિક્રી કર્યા હતા. વિદ્યાર્થીઓએ રજૂ કરેલા આ સાંસ્કૃતિક કાર્યક્રમને સરપંચશ્રી તથા ઉપસરપંચશ્રી તરફથી રોકડ રકમતી પુરસ્કૃત કરવામાં આવ્યો હતો. આ રંગારંગ કાર્યક્રમને અંતે ટીમરીના વૃક્ષના સૂકા લાકડાથી થયેલા કેમ્પ ફાયર શિબિરાર્થીઓને માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. સમાપન સમારોહનું સંચાલન શિબિરાર્થી તુષાર અને રમેશ પ્રજાપતિએ કર્યું હતું. સમાપન સમારોહમાં મંડળના મંત્રીશ્રી લાલજીભાઈ પવારે પ્રસંગોચિત વકતવ્ય આપ્યું હતું. સમાપન સમારોહના અંતે એન.એસ.એસ. પ્રો. ઓફિસર દેવાંગભાઈ સુકાનીએ બેસ્ટકેડેટ બોઈઝ - ગર્લ્સ તથા બેસ્ટ ફિલ્ડ વર્કર બોઈઝ-ગર્લ્સના નામે ઘોષિત કર્યા હતાં. શિબિર દરમ્યાન શિબિરાર્થીઓએ ગામ લાછકડી મુકામે રાત્રે 'મવાલી' જોવાનો તથા લાભ પાચમને દિવસે મહારાષ્ટ્રીય સંત રામદાસનો ધાર્મિક કાર્યક્રમ માણવાનો લ્હાવો મળ્યો હતો આ બંને પ્રસંગોએ શિબિરાર્થીઓએ ગ્રામજનો સાથે તેમના રિવાજ મુજબ સાગના પાંદડામાં ભોજન-પ્રસાદ લેવાનો અદ્‌ભૂત અવસર સાંપડયો હતો. ઉનાઈ માતાના દર્શન તથા ગરમ કુંડમાં સ્નાન કરી પૌરાણિક સ્થળ ઉનાઈની ઐતિહાસિકતા જાણવાનો તથા ગુજરાતની પ્રજાને જે ધોધનું આકર્ષણ રહયું છે તે ગીરાધોધ-વઘઈને જોવાની તક ગામના સરપંચશ્રીના સહયોગથી પ્રાપ્ત થતા ખાસ શિબિર એ ખરા અર્થમાં પ્રકૃતિ શિબિર બની રહયો હતો. શિબિરની કોલેજ પરિવારના પ્રા. નારણભાઈ અમીન, પ્રા. ગૌતમભાઈ પટેલ તેમજ ઉપાચાર્ય ડૉ. આશાબેન ભટ્ટે મુલાકાત લીધી હતી. સમગ્ર શિબિરને સફળા બનાવવામાં કોલેજના ત્રણેય પ્રોગ્રામ ઓફિસરો પા. જયંતભાઈ પટેલ, પ્રા. દેવાંગભાઈ સુકાની અને પ્રા. રંજનબેન દેસાઈની મહેનત રંગ લાવી હતી. ખાટાઆંબા સ્કુલના સેવક ભાઈશ્રી પ્રફુલ્લભાઈ તથા કોલેજના સેવક ભાઈશ્રી નરેશભાઈની સેવા અમૂલ્ય રહી હતી.



શાહ એન.એચ. કોમર્સ કોલેજ વલસાડના એન.એસ.એસ. વિભાગ દ્વારા 'સમાજ શિક્ષણ અને યુવાનો'ના હેતુવાળો વાર્ષિક શિબિર તીસ્કરી (તલાટ) તા. ધરમપુર મુકામે યોજાયો હતો. જેમાં પ્રિ. ડૉ. જે.એમ. નાયક, એન.એસ.એસ. પ્રોગ્રામ કો. ઓર્ડિનેટર શ્રી એ.એન. માલવીયા, ડૉ. આઈ.કે. અન્સારી, પ્રિ. જગુભાઈ જાદવ, પ્રિ. ડૉ. બુટાણી, ડૉ. સુનીલ મરજાદી, સરપંચશ્રી રણજીત ચૌધરી તથા શ્રી કપિલભાઈ માહલાની ઉપસ્થિતિ અને માર્ગદર્શન સાંપડયા હતા. શિબિર દરમિયાન શ્રમકાર્ય ગામનો આર્થિક સર્વે, પ્રસિધ્ધ સ્થળોની મુલાકાત, બૌદ્ધિક વ્યાખ્યાનો, નિઃશુલ્ક તેમજ રાહત દરનો ચશ્મા શિબિર તથા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. આ શિબિર દરમિયાન વ્યકિતત્વ વિકાસના કાર્યક્રમો, શ્રીમદ્‌ રાજચંદ્ર આશ્રમની મુલાકાત, જનજાગૃતિ રેલી, યોગશિબિર તથા શ્રી જલારામ ધામની મુલાકાત દ્વારા શિબિરાર્થીઓ અને ગ્રામજનોને વિશેષ લાભ પ્રાપ્ત થયો હતો. શિબિરનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સ પ્રા. આર.આર. પટેલ, પ્રા. વી.આર. ચાંપનેરી, પ્રા. કે.સી. પટેલ દ્વારા તથા વિશેષ માર્ગદર્શન પ્રિ. ડૉ. જે.એમ. નાયક તથા પ્રા. ટી.જી. પટેલ અને સ્ટાફ સભ્યો દ્વારા પ્રાપ્ત થયા હતા. તદ્‌પરાંત એન.એસ.એસ. યુનિટનો વાર્ષિક શિબિરનો પૂર્ણાહૂતિ સમારંભ પ્રિ. ડૉ. ઘનશ્યામભાઈ બુટાણીના અધ્યક્ષપદે અને ડૉ. સુનિલભાઈ મરજાદીના મુખ્યમહેમાન પદે તથા શ્રી કપિલચંદ્ર માહલાના અતિથિ વિશેષ પદે યોજાયો હતો. શિબિર દરમિયાન થયેલી કામગીરીનો અહેવાલ પ્રા. આર.આર. પટેલે રજૂ કર્યા હતો. પ્રા. ચાંપાનેરીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું.

આ પ્રસંગે બોલતા ડૉ. મરજાદીએ શિબિરના માનવીય વિકાસના પાસા પર પ્રકાશ ફેંક્યો હતો. ડૉ. બુટાણીએ શિબિર દરમિયાન થયેલી કામગીરીમાંથી દરેક વિદ્યાર્થી કંઈક શીખશે એવી આશા વ્યકત કરી હતી. શ્રી કપિલચંદ્ર માહલાએ શિબિરમાંથી મળેલું ભાથું જીવનમાં અપનાવી આ ગામને હંમેશા યાદ રાખવા જણાવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિતિ શ્રી સોમાભાઈ પટેલે ગામને શિબિરથી થયેલ લાભ અંગે આભારની લાગણી વ્યકત કરી હતી. શ્રીકાંત કનોજીયાએ એન.એસ.એસ.થી પોતાના વ્યકિતત્વને મળેલા નિખારનો ઉલ્લેખ કરી વિદ્યાર્થીઓને શુભકામના પાઠવી હતી. આભારવિધિ શ્રી કે.સી. પટેલ અને સંચાલન કુ. કલ્યાણીએ કર્યું હતું. એન.એસ.એસ. યુનિટ દ્વારા વાર્ષિક શિબિર દરમિયાન યોજાયેલ 'ચશ્મા શિબિર'માં ૨૦૮ વ્યકિતઓએ આંખો ચેક કરાવી કુલ ૧૮૭ વ્યકિતઓએ ચશ્મા પ્રાપ્ત કર્યા હતાં. જે. પૈકી ૮૬ ગરીબ અને જરૂરિયાતમંદ લાભાર્થીઓને નિઃશુલ્ક ચશ્મા પ્રાપ્ત કરાવ્યા હતા. આ શિબિરને સફળ બનાવવા શ્રી વિજય પટેલ તરફથી દાન પ્રાપ્ત થયું હતું. શિબિરની જરૂરી વ્યવસ્થા પ્રા. આર.આર. પટેલ, પ્રા. વી.આર. ચાંપાનેરી, પ્રા. કે.સી. પટેલના માર્ગદર્શન હેઠળ અને પ્રિ. ડૉ. જે.એમ. નાયકની પ્રેરણાથી થઈ હતી.

## સ્પર્ધા

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં તા. ૨૪-૯-૧૩ના રોજ ગીત-સંગીત નૃત્યધારા અંતર્ગત આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયકના માર્ગદર્શન હેઠળ ગરબાગીત સીંગીગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. નિર્ણાયક તરીકે કોલેજના જ ગુજરાતી વિભાગના પૂર્વ વડા ડૉ. મીનાબેન શાહ ઉપસ્થિત રહયા હતા. આ સ્પર્ધામાં કુ. ફાલ્ગુની પટેલ પ્રથમ ક્રમે, કુ. કિરાંગી મોદી તથા કુ. અંકિતા પટેલ દ્વિતીય ક્રમે તથા શ્રી ખલીફા ઝુલકર તૃતીય ક્રમે વિજેતા જાહેર થયા હતા. કાર્યક્રમનું સંચાલન ધારા કન્વીનર ડૉ. દક્ષા ઠાકોરે કર્યું હતું. તદ્‌પરાંત આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયકના માર્ગદર્શન હેઠળ વુમન ડેવલપમેન્ટ સેલના ઉપક્રમે 'સ્વતંત્ર ભારતમાં શું સ્ત્રીઓનો વિકાસ થયો છે?' વિષય ઉપર નિબંધ લેખન સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં કોલેજના કુલ ૪૭ સ્પર્ધકોએ ભાગ લીધો. સ્પર્ધાના નિર્ણાયક તરીકે આર્ટ્સ અને કોમર્સ કોલેજ ઓલપાડના ગુજરાતી વિષયના વ્યાખ્યાતા પ્રા. દક્ષાબેન એમ. ચૌહાણે સેવા આપી હતી. આ સ્પર્ધામાં કુ. ખ્યાતિ ભંડારી પ્રથમ ક્રમે, કુ. કિરણ વૈષ્ણવ તથા કુ. વૈષ્ણવી રાજપુર દ્વિતીય ક્રમે તથા કુ. ગાર્ગી શુકલ તૃતિય ક્રમે વિજેતા જાહેર થયા હતા. સર્વે સ્પર્ધકોને પ્રોત્સાહન અને માર્ગદર્શન સેલના કન્વીનર ડૉ. દક્ષા ઠાકોરે પૂરું પાડયું હતું. ડૉ. જે.એમ. નાયકના પ્રોત્સાહન થકી વુમન ડેવલપમેન્ટ સેલ અંતર્ગત વિદ્યાર્થીનીઓ માટે કન્વીનર ડૉ. દક્ષા ઠાકોરના માર્ગદર્શન હેઠળ રંગોળી વર્ગ શરૂ કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીનીઓ આત્મનિર્ભર બને, સ્વરોજગારી મેળવી શકે તેવા શુભ આશયથી ભાગ લેનાર વિદ્યાર્થીઓને ટ્રેડીશનલ રંગોળી, કચ્છી રંગોળી, ફ્રી હેન્ડ રંગોળી જેવી વિવિધ પ્રકારની રંગોળી સજાવટ શીખવવામાં આવી હતી. વર્ગોના અંતે વિદ્યાર્થીઓ માટે સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં કુ. સ્વાતિ નાંડવડેકર પ્રથમ ક્રમે, કુ. મોનાલી રાઠોડ દ્વિતિય ક્રમે તથા કુ. હુફિયા દારૂવાલા અને કુ. ભુમિ જોષી તૃત્તિય ક્રમે વિજેતા જાહેર થયા હતા. તાલીમાર્થીઓને કોલેજની જ ભૂતપૂર્વ વિદ્યાર્થીની કુ. અંજલિ દરજી દ્વારા તાલીમ આપવામાં આવી હતી.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત સંચાલિત આંતર કોલેજ ક્રોસ કન્ટ્રી ભાઈઓ-બહેનોની સ્પર્ધા વનરાજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ધરમપુર મુકામે યોજાય હતી. જેમાં વલસાડ સ્થિત શાહ એન.એચ. કોમર્સ કોલેજના શ્રી હિરામણ દાધવ ભાઈઓની સ્પર્ધામાં સાતમા ક્રમે વિજેતા બની આંતર યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામી ઉદયપુર મુકામ ભાગ લેવા જનાર છે. આંતર કોલેજ વોલીબોલ બહેનોની સ્પર્ધા નવયુગ સાયન્સ કોલેજ, સુરત મુકામે યોજાઈ હતી જેમાં કુ. ભારતી શાહ વોલીબોલ સ્પર્ધામાં શ્રેષ્ઠ દેખાવ કરી આંતર યુનિવર્સિટી વોલીબોલ બહેનોની ટીમમાં પસંદગી પામી યુનિવર્સિટી ઓફ રાજસ્થાન, જયપુર મુકામે ભાગ લેવા જનાર છે. તેમને તાલીમ અને માર્ગદર્શન શારિરીક શિક્ષણના પ્રાધ્યાપક મુકેશભાઈ કે. પટેલ દ્વારા આપવામાં આવ્યું હતું.

બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલીમાં દિવાળી પર્વની ઉજવણીના ભાગરૂપે રંગોળી સ્પર્ધા તથા દિવાળી ગ્રીટીંગ્સ કાર્ડ સ્પર્ધા યોજવામાં આવી હતી. રંગોળી સ્પર્ધામાં પ્રથમ ક્રમે પંચાલ ચૈતાલીબેન, દ્વિતીય ક્રમે ગામિત ડેવિડ અને તૃતીય ક્રમે આહિર ભાવીનીબેન વિજેતા રહયા હતા. ગ્રીટીંગ્સ કાર્ડ સ્પર્ધામાં પ્રથમ ક્રમે પટેલ દિક્ષિતા દ્વિતીય ક્રમે ગુપ્તા શ્રધ્ધાબેન અને તૃતીય ક્રમે દીવાલ અકીલાબાનુ વિજેતા રહયા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના કાર્યકારી આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલ તથા સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ પ્રા. ડૉ. મીનાબેન પરમારે કર્યું હતું. નિર્ણાયક તરીકે સૌ અધ્યાપકમિત્રોએ સેવા આપી હતી. અંતે આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલ તથા સૌ અધ્યાપકમિત્રોએ તાલીમાર્થીઓને દિવાળી પર્વ તેમજ નૂતન વર્ષની શુભેચ્છા પાઠવી હતી.



તા. ૧૫,૧૬,૧૭-૧૦-૧૩ના રોજ સી.પી. ડીગ્રી કોલેજ ઓફ ફિઝીકલ એજયુકેશન રાજપીપળા ખાતે યોજાયેલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત આંતર કોલેજ હેન્ડબોલ (ભાઈઓ) સ્પર્ધામાં ઈવનીંગ કોમર્સ કોલેજ અને સી.પી. ડીગ્રી કોલેજ, રાજપીપળા ફાઈનલમાં આવી હતી. ભારે રસાકસી બાદ ફાઈનલમાં ૦૮-૧૧ના નજીવા સ્કોરથી સતત બીજા વર્ષે ઉપવિજેતા બની હતી. તદ્‌પરાંત ૧૯-૧૦-૧૩ના રોજ નારણલાલા કોલેજ, નવસારી ખાતે યોજાયેલ યુનિવર્સિટી આંતરકોલેજ કુસ્તી (ભાઈઓ)ની સ્પર્ધામાં કુલ-૭ કુસ્તીબાજોએ ભાગ લીધો હતો. જેમાં જીગર, ૯૬ વેઈટ કેટેગરીમાં ગોલ્ડ મેડલ, જરીવાલા વિશાલ ૮૪ વેઈટ કેટેગરીમાં સિલ્વર મેડલ અને કહાર અજયે ૬૬ વેઈટ કેટેગરીમાં બ્રોન્જ મેડલ મેળવ્યો હતો.

પી.આર.બી. આર્ટ્સ એન્ડ પી.જી.આર. કોમર્સ કોલેજ, બારડોલીનાં ખેલાડીઓ, ૧) શ્રી હાર્દિક વી. ગોહિલ, ૨) શ્રી હિમાંશુ આર. પારેખ, ૩) શ્રી સુનિલ એ. ગામીત એ સૌ પ્રથમવાર યોજાયેલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી આયોજિત આંતર કોલેજ ટેક વોન ડૂ સ્પર્ધામાં ત્રણેય ખેલાડીઓએ પોતે વ્યકિતગત ચેમ્પિયન બનીને કોલેજને ટેક વોન ડૂમાં પ્રથમ ચેમ્પિયનશીપ અપાવી છે. આ ખેલાડીઓને કોલજની ભુતપૂર્વ વિદ્યાર્થિની કુ. સ્વાતિ ઠાકરે પ્રશિક્ષણ આપ્યું હતું. આ ત્રણેય ખેલાડીઓ હવે વધુ પ્રશિક્ષણ લઈ રાષ્ટ્રીય કક્ષાએ આપણી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરશે.

વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્., સુરતમાં નવરાત્રિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલીમાર્થીઓ માટે આરતી શણગાર સ્પર્ધાનું આયોજન કર્યું હતું. જેમાં પ્રથમ ક્રમે ગોસ્વામી અનેરી, બીજા ક્રમે પટેલ ટિંજલ અને પટેલ જાગૃતિ તથા તૃતીય ક્રમ પટેલ નીશા અને પટેલ સ્વીટી વિજેતા જાહેર થયા હતા. તે ઉપરાંત ગરબામાં બેસ્ટ ડ્રેસ સ્પર્ધામાં બહેનોમાં પ્રથમ ક્રમે ટંડેલ સ્વાતિ, બીજા ક્રમે શેખ મિનાઝ અને તૃતીય ક્રમે સારંગ જૈમિનિ તથા ભાઈઓમાં ખાટકી ઈરફાન વિજેતા જાહેર થયેલ હતા. જયારે બેસ્ટ એકશન સ્પર્ધામાં પ્રથમ ક્રમે પટેલ નિલમ, બીજા ક્રમે પટેલ સ્વીટી અને ભટ્ટ એકતા અને તૃતીય ક્રમે સારંગ જૈમિનિ તથા ભાઈઓમાં પ્રથમ ક્રમે ચૌહાણ પ્રદીપ અને દ્વિતીય ક્રમે પરમાર યજ્ઞેશ અને ગોહિલ ભાવેશ વિજેતા થયા હતા. આરતી શણગાર સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા. વલ્લભભાઈ ઠંઠ, ધ્વનિબેન શુકલ અને બેસ્ટ એકશન, બેસ્ટ ડ્રેસ સ્પર્ધામાં ડૉ. પત્રલેખાબેન બારડ, ડૉ. મિનાક્ષીબેન જરીવાલાએ સેવા આપી હતી.

દક્ષિણ ગુજરાતની અમરોલી કોલેજોમા વિવિધ આંતર કોલેજ સ્પર્ધાઓ યોજાઈ. જેમાં વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, બીલીમોરાએ ભાગ લીધો હતો. તે પૈકી રંગકલા કૌશલ્યની વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધામાં ભોયા જયોતિ દ્વિતીય ક્રમે વિજેતા બન્યા. મહેંદી સ્પર્ધામ્માં મીસ્ત્રી જીનલ આશ્વાસન ઈનામને પાત્ર બન્યા. શ્લોકગાન સ્પર્ધામાં દેસાઈ આશિષ અને પટેલ વિભૂતિએ બીલીમોરા કોલેજ વતી ભાગ લીધો હતો. સર કે.પી. કોમર્સ કોલેજમાં યોજાયેલ આંતરકોલેજ શીઘ્ર ચિત્ર સ્પર્ધામાં પટેલ પરિમલ અને પટેલ પીનલે ભાગ લીધો હતો. જેમાં પટેલ પરિમલ આશ્વાસન ઈનામ પ્રાત કર્યું હતું. ઉપરોકત સ્પર્ધામાં પ્રા. રંજનબેન દેસાઈ અને યોગિતાબેન ગામિતે માર્ગદર્શન આપ્યું હતું.

વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, બીલીમોરામાં સપ્તધારાની રંગકલા કૌશલ્યધારા અંતર્ગત નીચે મુજબની વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી. જેમાં વિદ્યાર્થીઓએ ખૂબજ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાનું કૌશલ્ય બતાવ્યું. તમામ સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓના નામ આ પ્રમાણે છે. પોસ્ટર મેકિંગ વિજેતા : ૧) તેજસ પટેલ, ૨) રાહુલ પટેલ, ૩) પરિમલ પટેલ. મહેંદી સ્પર્ધા વિજેતા : ૧) પટેલ દર્શના, ૨) ખલિફા રોઝાના, ૩) બાગલે પ્રિયંકા. શીઘ્ર ચિત્ર સ્પર્ધા વિજેતા : ૧) પટેલ પરિમલ, ૨) ટંડેલ કરિશ્મા, ૩) પટેલ અંકુર. વેસ્ટમાંથી બેસ્ટ વિજેતા : ૧) ભોયા જયોતિ, ૨) પટેલ પિનલ, ૩) ટંડેલ કરિશ્મા. ઉપરોકત સ્પર્ધામાં પ્રા. રંજનબેન દેસાઈ અને યોગિતાબેન ગામીતે માર્ગદર્શન આપ્યું હતું. પ્રા. પ્રજ્ઞાબેન દેસાઈ, પ્રમોદભાઈ લાડ અને દિવ્યાબેન પટેલે નિર્ણાયક તરીકે સેવા આપી હતી.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં તા. ૨૯-૧૦-૧૩ના રોજ આચાર્ય ડૉ. જે.એમ. નાયકના પ્રોત્સાહન થકી ગીત સંગીત નૃત્યધારા અંતર્ગત મોર્ડન શેરી ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજની કુલ સાત ટીમોએ ભાગ લીધો. પ્રા. કે.આર. ભાવસારે નિર્ણાયકો શ્રી વિવેક દેસાઈ અને શ્રી રોમીન મહેતાનું પુષ્તકપુષ્પથી સ્વાગત કર્યું હતું. આ સ્પર્ધામાં એન.એસ.એસ. ગૃપનો ગરબો પ્રથમ ક્રમે, ટી.વાય. બી.કોમ. ડિવીઝન 'સી'નો ગરબો દ્વિતિય ક્રમે તથા ટી.વાય.બી.કોમ. ડિવીઝન 'એ' નો ગરબો તૃતીય ક્રમે વિજેતા જાહેર થયા હતા. તદ્પરાંત તા. ૧૯-૧૦-૧૩ થી તા. ૨૯-૧૦-૧૩ દરમ્યાન આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયકના પ્રોત્સાહન થકી માટલી શણગારના વર્ગો યોજવામાં આવ્યા હતા. વુમન ડેવલપમેન્ટ સેલના કન્વીનર ડૉ. દક્ષા ઠાકોરના માર્ગદર્શન હેઠળ શરૂ થયેલા આ વર્ગોમાં વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા હતા. ટ્રેઈનર તરીકે કુ. અંજલી દરજીએ સેવા આપી હતી. સ્પર્ધાના અંતે યોજાયેલ માટલી શણગાર સ્પર્ધામાં કુ. કોમલ સોલંકી પ્રથમ ક્રમે કુ. ભૂમિ જોષી દ્વિતિય ક્રમે તથા કુ. વિષ્વા લાડ અને કુ. રિતુજા મુખરજી તૃતીય ક્રમે વિજેતા જાહેર થયા હતા. આ દરમ્યાન ફેબ્રિક પેઈન્ટિંગના વર્ગોનું આયોજન વુમન ડેવલપમેન્ટ સેલના ઉપક્રમે કરવામાં આવ્યું હતું. તાલીમાર્થીઓને પેઈન્ટિંગની પ્રોફેશનલ આર્ટિસ્ટ કુ. અંજલી દરજીએ સેવા આપી હતી. આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયકના પ્રોત્સાહન થકી શરૂ થયેલા આ વર્ગો ખુબ જ સારી રીતે સંપન્ન થયા હતા. વર્ગોના અંતે કન્વીનર ડૉ. દક્ષા ઠાકોરના માર્ગદર્શન હેઠળ સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં કુ. દુફિયા અને કુ. સ્વાતિ પ્રથમ ક્રમે, કુ. રિયા અને કુ. અન્વી દ્વિતિય ક્રમે તથા કુ. વિષ્વા અને કુ. ભૂમિ તૃતીય ક્રમે વિજેતા જાહેર થયા હતા.

સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજ, અંકલેશ્વરમાં નહેરુ યુવા કેન્દ્ર ભરૂચ દ્વારા "કોમી એકતા" અંગે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન હાથ ધરાયું હતું. આ પ્રસંગે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી સ્વામિ શ્રી કૃષ્ણસ્વરૂપ શાસ્ત્રજીએ યુવાન શિક્ષકોને રાષ્ટ્રીય એકતા માટે પ્રેરણા આપી હતી. નિર્ણાયક તરીકે શ્રી પટેલ ધવલભાઈ, અને પ્રા. કાકડે દિનેશભાઈએ સેવા આપી. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે જોષી તેજલબેન, દ્વિતિય ક્રમે શાંદલિયા અંજલીબેન, તૃતિય ક્રમે કાબા તાહિરભાઈ રહયા હતા. વિજેતઓને નહેરૂ યુવા કેન્દ્ર તરફથી ટ્રોફી અને પ્રમાણપત્ર એનાયત કરાયા હતા. કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી હેમંતભાઈએ તેમજ આભારવિધિ પ્રા. ગણેશભાઈ પટેલે કરી હતી. તદ્પરાંત રંગોળી સ્પર્ધામાં તાલીમાર્થીઓએ રંગોળીમાં રંગીન પુષ્પો, કઠોળ, કરોટી અને રંગોનો ઉપયોગ કર્યો હતો. જેમાં પ્રથમ નંબરે પ્રજાપતિ એકતાબેન અને તેમનું ગૃપ, દ્વિતીય નંબરે પારેખ ઉન્નતીબેન અને તેમનું ગૃપ અને તૃતીય નંબરે બિંદ સંજયભાઈ અને તેમનું ગૃપ વિજેતા થયા હતા.

વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્., સુરતમાં યોજાયેલ રંગોળી સ્પર્ધામાં પ્રથમ ક્રમ વરાડે દિપીકા, દ્વિતીય ક્રમે પટેલ સ્વીટી તૃતીય ક્રમે પટેલ જિગીષા અને ગ્રીટીંગ્સ કાર્ડ સ્પર્ધામાં પ્રથમ ક્રમે વૈદ્ય નિધિ પી અને દ્વિતીય ક્રમે પટેલ શૈશવી એસ. તથા દીવડા શણગાર સ્પર્ધામાં પ્રથમ ક્રમે પટેલ ઉર્મિ બી., દ્વિતીય ક્રમે સા રંગ જૈમિનિ એસ. વિજેતા જાહેર થયા હતા. રંગોળી સ્પર્ધામાં નિર્ણાયક તરીકેની ભૂમિકા પ્રા. ડૉ. પારૂલબેન નાયક અને પ્રા. ધ્વનિબેન શુકલે તેમજ ગ્રીટીંગ્સ કાર્ડ સ્પર્ધામાં નિર્ણાયક તરીકેની ભૂમિકા પ્રા. ડૉ. પારૂલબેન નાયક અને પ્રા. ધ્વનિબેન શુકલે તેમજ ગ્રીટીંગ્સ કાર્ડ સ્પર્ધામાં નિર્ણાયક તરીકેની ભૂમિકા પ્રા. ડૉ. પત્રલેખાબેન બારડ અને પ્રા. પ્રીતિબેન પટેલે તેમજ દીવડા શણગાર સ્પર્ધામાં પ્રા. ડૉ. મિનાક્ષીબેન જરીવાલા અને પ્રા. વલ્લભભાઈ ઠંઠે ભજવી હતી.

શ્રી એસ.આર. પટેલ બી.એડ્. કોલેજ, સુરતમાં તા. ૨૨-૧૧-૧૩ના રોજ ગ્રીટીંગ્સ કાર્ડ મેકીંગ, રંગોળી, કોડીયા શણગાર સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં ગ્રીટીંગ્સ કાર્ડ મેકીંગ સ્પર્ધામાં પ્રથમ ક્રમે પરમાર હેમીશા, દ્વિતીય ક્રમે સોલંકી નિશાબેન, તૃતીય ક્રમે પાઠક ખંજનબેન તેમજ રંગોળી સ્પર્ધામાં પ્રથમ ક્રમે પ્રજાપતિ હેતલ, દ્વિતીય ક્રમે ધાનાણી કૈલાસ અને તૃતીય ક્રમે મહેતા દિવ્યા અને પરમાર નેહલ તેમજ કોડીયા શણગાર સ્પર્ધામાં પ્રથમ ક્રમે શિરસાળે ભાવના અને પટેલ રશ્મિકા, દ્વિતીય ક્રમે રાણા ચૈતાલી અને પટેલ રવિના અને તૃતીય કે ભાવસાર કૃતિકાએ પ્રાપ્ત કર્યો હતો. જેમાં નિર્ણાયક તરીકે પ્રા. ધુલિયા શિતલબેન, પ્રા. વૈદ્ય રેશ્માબેન, પ્રા. અરવિંદભાઈ વણકર અને શૈલેષભાઈ પટેલે સેવા આપી હતી.

શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરાના પ્રશિક્ષણાર્થીઓ માટે સર્જનાત્મક ધારા અંતર્ગત તા. ૩૦-૧૧-૧૩ના રોજ કાવ્યલેખન, વાર્તાલેખન, સ્લોગ્ન અને લોગોની 'રાષ્ટ્રીય એકતા' થીમ પર

સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. જીવનમાં સર્જનાત્મકના મહત્વને સ્પષ્ટ કરી સંસ્થાના આચાર્ય ડૉ. કિશોરભાઈ આર. નાયકે પ્રશિક્ષણાર્થીઓને સ્પર્ધામાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરીને કાવ્યસર્જન કેવી રીતે કરી શકાય તે અંગે દિશાસૂચન કર્યું હતું. કાર્યક્રમનું આયોજન પ્રા. ડૉ. ગાયત્રીબેન પટેલે કર્યું હતું.

## ઉજવણી

- શ્રી એસ.આર. પટેલ બી.એડ્. કોલેજ, સુરતમાં તા. ૧૨-૧૦-૧૩ના રોજ નવરાત્રિ મહોત્સવ યોજાયો હતો. સમગ્ર કાર્યક્રમમાં તાલીમાર્થીઓએ ગરબા, દોઢિયાનો આનંદ માણ્યો હતો. પ્રસ્તુત કાર્યક્રમમાં બેસ્ટ, ડ્રેસ, બેસ્ટ એકશનની સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. જેમાં દ્વિતિય ક્રમે સોની જિનિષ વિજેતા થયા હતા.
- શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરામાં તા. ૯-૧૦-૧૩ના રોજ શૈક્ષણિક પ્રવાસ તા. ૧૦-૧૧-૧૨ના રોજ યોગ શિબિરનું આયોજન થયું હતું. જેમાં પતંજલિ યોગ કેન્દ્રમાંથી નિષ્ણાંતશ્રી અને વેસ્ટ ઝોનના મહિલા પ્રભારી સુશ્રી હેતલબેન દેસાઈ તેમજ હરીશભાઈ ટંડેલે સેવા આપી હતી. તા. ૧૦-૧૦-૧૩ ને રોજ આંતર કોલેજ વ્યાખ્યાનમાળા અંતર્ગત વી.ટી. ચોકસી બી.એડ્. કોલેજના આચાર્યશ્રી ડૉ. વિનોદભાઈ પટેલે પ્રશિક્ષણાર્થીઓને "સાચો શિક્ષક કોને કહેશો ? વિષય પર પ્રવચન આપ્યું હતું. તા. ૧૧-૧૦-૧૩ના રોજ સી.ટી.ઈ.ના ઉપક્રમે માઈનોર રીસર્ચ પ્રોજેકટ અંતર્ગત નિષ્ણાંત તરીકે શિક્ષણ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના પ્રોફેસર ડૉ. દિપીકાબેન શાહ, દમણ કોલેજ ઓફ એજયુકેશનના આચાર્ય ડૉ. બાબુભાઈ ટંડેલ તેમજ નવસારી DIETના પ્રાધ્યાપક ડૉ. મનિષભાઈ પટેલે સેવા આપી હતી. તા. ૧૩-૧૦-૧૩ના રોજ નવરાત્રી મહોત્સવની ઉજવણી થઈ હતી. આચાર્યશ્રી ડૉ. કિશોરભાઈ નાયકે અને પ્રા. ડૉ. વિનયભાઈ પટેલે ગરબા ગવડાવી નવરાત્રીની ઉજવણી ને અર્થસભર બનાવી હતી.
- બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલીમાં ૧૪મી સપ્ટેમ્બર હિન્દી દિવસ પ્રસંગે આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલ તથા હિન્દીના અધ્યાપક કનુભાઈ સ્વાગીયાએ પ્રાસંગિક ઉદ્‌બોધન રજુ કરી ખરા અર્થમાં હિન્દીનું મહત્વ સમજાવ્યું હતું. તાલીમાર્થી મિત્રો દ્વારા હિન્દીમાં ભજન, સુવિચાર, દોહા, સાહિત્યકારો વિશે વકતવ્ય, કાવ્ય પઠન, રાષ્ટ્રભાષા તરીકે હિન્દી ભાષાનું મહત્વ દર્શાવતું વકતવ્ય તથા નાટક વગેરે કૃતિઓ રજુ કરવામાં આવી હતી. અંતે પ્રશ્નોત્તરી રાખવામાં આવી હતી. તદ્‌પરાંત કોલેજમાં નવરાત્રી પર્વની ઉજવણીના ભાગરૂપે ચાર જેટલી સ્પર્ધાઓ જેવી કે આરતી શણગાર, માટલી શણગાર, બેસ્ટ ડ્રેસીંગ તથા બેસ્ટ એકશન સ્પર્ધા યોજવમાં આવી હતી. જેમાં આરતી શણગારમાં પ્રથમ ક્રમે પટેલ ગાયત્રી, દ્વિતીય ક્રમે રાઠોડ નીતા, તૃતીય ક્રમે ચૌધરી અમીતા તથા માટલી શણગાર સ્પર્ધામાં પ્રથમ ક્રમે મેઘાત સ્વાતિ, દ્વિતીય ક્રમે પટેલ નેહા અને તૃતીય ક્રમે ચૌધરી સેજલ વિજેતા રહયા હતા. ત્યારબાદ ગરબા રાખવામાં આવ્યા હતા. જેમાં બેસ્ટ ડ્રેસીંગ સ્પર્ધામાં પ્રથમ ક્રમે ચૌધરી જિગ્નેશ તથા પંચાલ ચૈતાલી, દ્વિતીય ક્રમે જુંજાળા ત્રિકમ તથા રાઠોડ અમીતા અને બેસ્ટ એકશન સ્પર્ધામાં પ્રથમ ક્રમે ચૌધરી આશિષ તથા પટેલ હેતશ્રી, દ્વિતીય ક્રમે ચૌધરી પ્રદીપ તથા ઢીમર આશાબેન વિજેતા રહયા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલ તથા સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ પ્રા. ડૉ. મીનાબેન પરમારે કર્યું હતું. નિર્ણાયક તરીકે સૌ અધ્યાપકમિત્રોએ સેવા આપી હતી.
- અંકલેશ્વર સ્થિત સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્. અને કૃષ્ણસ્વરૂપ શાસ્ત્રી કોમર્સ કોલેજમાં ગાંધી જયંતિની ઉજવણી સંદર્ભે "ગાંધી સ્મરણ પર્વ"નું આયોજન હાથ ધરાયું હતું. આ પ્રસંગે ભાવિ શિક્ષકોએ ગાંધી જીવન અને તેમના સંદેશને વ્યકત કરતા વિભિન્ન કાર્યક્રમોની પૈકી નાટકો, ગાંધી જીવનના જુદા જુદા પ્રસંગો આધારીત વકતવ્ય, ગાંધીજીના જીવન પ્રસંગોને પ્રેરણાત્મક રીતે રજુ કર્યા હતા.
- સ્ટુડન્ટ્સ કાઉન્સિલની સાંસ્કૃતિક કમિટિના ઉપક્રમે તા. ૧૪-૧૦-૧૩ના રોજ નવરાત્રિ ગરબા મહોત્સવની ઉજવણી થઈ હતી. માતાજીની આરતીથી શરૂ થયેલ કાર્યક્રમે કોલેજ પટાંગણને ધાર્મિક અને દિવ્ય વાતાવરણમાં પલટાવી દીધું હતું. કોલેજના વિદ્યાર્થીઓ તથા ટીચીંગ નોન-ટીચીંગ સ્ટાફ પરિવારે પણ સક્રિયપણે ભાગ લઈ ગરબાની મઝા માણી હતી. આચાર્યા ડૉ. ભારતીબેન પંચોલી, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ પ્રો. એન.બી. સોલંકી તથા સ્ટાફે વિદ્યાર્થીઓની સાથે રહી સહકાર આપ્યો હતો.

## મુલાકાત



સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજ અકલેશ્વર તેમજ સ્વામી કૃષણસ્વરૂપ શાસ્ત્રી કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટની મુલાકાતે કુલપતિશ્રી ડૉ. દક્ષેશભાઈ ઠાકર આવ્યા હતા. તેમના આગમન સમયે મેનેંજીગ ટ્રસ્ટીશ્રી સ્વામી કૃષણવરૂપ શાસ્ત્રીએ ફુલહાર- શાલ અને મોમેન્ટોથી ભાવભર્યુ સ્વાગત કર્યુ હતું. આ પ્રસંગે ટ્રષ્ટીથી કિશોરભાઈ પાનસુરીયા, સ્વામી જયસ્વરૂપ શાસ્ત્રી, વિવિધ ફેકલ્ટીના આચાર્યશ્રી,અધ્યાપકો અને તાલીમાર્થીઓ હાજર હતા.આ પસંગે કુલપતિશ્રી એ તાલીમાર્થીઓને "માનવ, જીવન અને પ્રેમનો ત્રિવેણી શૈલીમાં વ્યાખ્યાન આપ્યું હતું. વિશેષમાં તેમને વિદ્યાર્થીઓને માત્ર મોબાઈલ, કમ્પ્યુટરનો યાંત્રિક ઉપયોગ જ ન કરતા માણસ-માણસ વચ્ચેની સંવેદના અને તેની અભિવ્યકિતને જીવંત રાખવા પ્રેરક સંદેશ આપ્યો હતો. પોતાના રસપ્રદ વ્યાખ્યાનમાં સાહિત્યની છણાવટ કરતી સુંદર કાવ્ય પંકિતઓ ટાંકી હતી. સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટીથી સ્વામી કૃષણસ્વરૂપ શાસ્ત્રીએ ડૉ.દક્ષેશભાઈને આવકાર આપીને ઉજવળ કારકિર્દી અને કાર્યોથી માહિતગાર કર્યા હતા. અંતમાં ડૉ. દક્ષેશભાઈએ સંસ્થાની શૈક્ષણિક પ્રવૃતિઓથી આનંદિત થઈને સંસ્થાના શૈક્ષણિક અને સમાજ ઉપયોગી પ્રવૃતિઓ બદલ અભિનંદન પાઠવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રા. બ્રિન્દાબેને કર્યું.

## પુસ્તક

- ઝેડ.એફ.વાડિયા વિમેન્સ કોલેજ એન્ડ એન.કે.જહોટા કોલેજ ઓફ કોમર્સ, સુરતના સંસ્કૃતનાં પ્રાધ્યાપિકા ડૉ.રીતા ત્રિવેદીને એમના સંસ્કૃત કાવ્ય સંગ્રહ સૂર્યાયતે નમઃ માટે સંસ્કૃત સાહિત્ય અકાદમી, ગાંધીનગર (ગુજરાત) તરફથી સ્વતંત્ર મૌલિક સર્જન વિભાગમાં પ્રથમ પારિતોષિક પ્રાપ્ત થયું છે. અભિનંદન.
- શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડની લાયબ્રેરી સમિતિના ઉપક્રમે "પુસ્તક પરિચય હારમાળા" અંતર્ગત ૨૧મા મણકાના પ્રસંગે વલસાડની શ્રીમતિ જે.પી.શ્રોફ આર્ટસ કોલેજના ગુજરાતી વિભાગના પ્રા. ડૉ.દિનકર ટંડેલે પ્રેમાનંદ કૃત "કુંવરબાઈનું મામેરૂ" પુસ્તકનો પરિચય કરાવ્યો હતો. આચાર્યશ્રી ડૉ.જે.એમ.નાયકે આવકાર આપ્યો. વિડીયો કલીપીંગ દ્વારા લાયબ્રેરી સમિતિના અધ્યક્ષ પ્રા. કે.આર. ભાવસારે કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ કરી.

## સેમિનાર

વલસાડની શાહ એન.એચ.કોમર્સ કોલેજમાં તા.૨૦/૧૦/૧૩ ના રોજ કોલેજ અને ગુજરાત ગ્રંથપાલ સેવા સંઘના સંયુકત ઉપક્રમે જાહેર લાયબ્રેરીના ગ્રંથપાલો અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજના ગ્રંથપાલો માટે એક દિવસીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું, "ગ્રંથાલય સેવાઓમાં અભિનવ દષ્ટિકોણ" વિષય ઉપર આધારિત આ પરિસંવાદના ઉદ્‌ઘાટક તથા કી-નોટ સ્પીકર તરીકે નવસારીના આર્કિટેક શ્રી મહાદેવભાઈ દેસાઈ તથા બે ટેકનીકલ સેશનના પરામર્શક તરીકે ધર્મસિંહ દેસાઈ યનિવર્સિટીના ગ્રંથપાલ ડૉ.સી.કે.પટેલ તથા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યનિવર્સિટીના ઈ.ચા. ગ્રંથપાલ ડૉ. બી.જે.અંકુયાએ સેવા આપી હતી. પરિસંવાદમાં નોંધાયેલા ડેલીગેટસની હાજરીમાં ડૉ.જે.એમ.નાયક તથા ગુજરાત ગ્રંથાલય સેવા સંઘના પ્રમુખશ્રી પ્રવિણ શાહ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું અને પરિસંવાદની રૂપરેખા આપવામાં આવી હતી. સમય વ્યવસ્થાપનને અનુસરતા નિયત સમયે પરિસંવાદની શરૂઆત અને પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. અતિથિઓના હસ્તે ડેલીગેટસને પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. તથા પરિસંવાદના સંયોજકશ્રી તથા કોલેજના ગ્રંથપાલ શ્રી દેવાંગ પટેલે આભારવિધિ આટોપી હતી. સમગ્ર પરિસંવાદનું સંચાલન લાયબ્રેરી સમિતિના અધ્યક્ષ પ્રા.ક.ભાવસારે કર્યું હતું.

શાહ એન.એચ.કોમર્સ કોલેજ દ્વારા "કેરિયર ઈન બેંકીગ" વિષય ઉપર સેમિનારનું આયોજન પિ.ર્ડા.જે.એમ.નાયકના માર્ગદર્શન હેથળ કોમર્સ ડિપાર્ટમેન્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં સુરત પીપલ્સ બેંકના મેનેજર ર્ડા.જતીનભાઈ નાયકે રીસોર્સ પર્સન તરીકે સેવા આપી હતી. આવનાર ભવિષ્યમાં બેંકિગ ક્ષેત્રે કારકિર્દિની ઉજ્જવળ તકો ને કેવી રીતે ઉપાડી લેવી અને એક કુશળ બેંકર બનાવા માટે જરૂરી માર્ગદર્શન પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવ્યુ હતુ. અંતે પ્રશ્નોત્તરી દ્વારા વિદ્યાર્થીઓએ ઘણા પ્રશ્નોનો ઉકેલ મળવ્યો હતો. પ્રા.ર્ડા.રશ્મિબેન પટેલ તથા પ્રા.એમ.એ.મુલ્લાએ સેમિનારનું સંચાલન કર્યુ હતું.

શ્રી માછી મહાજન મંડળ, નાની દમણ સંચાલિત કોલેજ ઓફ એજયુકેશન (બી.એડ્.) માં તારીખ ૫/૧૦/૧૩ના રોજ સંસ્થા સંચાલિત બી.એડ્.કોલેજ, અંગ્રેજી માધ્યમની શાળા તથા ગુજરાતી માધ્યમની શાળાના ૧૧૦ શિક્ષકો માટે "માનવીય સંબધો અને જીવન કૌશલય" વિષય પર એક દિવસીય કાર્યશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં કન્વીનર તરીકે શિક્ષણ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના પ્રોફેસર ડૉ.દીપિકાબહેન શાહ એ " માનવીય સંબંધો" સંદર્ભે કાર્યશિબિરના પ્રથમ સત્રમાં પ્રવૃતિ આધારિત ચર્ચા કરી હતી  તથા કાર્યક્રમના બીજા સત્રમાં તેમણે "જીવન કૌશલયો"ની માહિતી આપી હતી. આ કાર્યશિબિરમાં જીવનકૌશલ્યોની પ્રવૃતિ આધારિત સમજ આપવા તજજ્ઞ તરીકે ભગવાન મહાવીર કોલેજના ઓફ એજયુકેશન (એમ,એડ્.) વેસુ, સુરતના ઈ.આચાર્યા કુ.નિહારિકા પટેલ, ર્ડા.એસ.સ્નેહલતા, પ્રા. જીજ્ઞેશ કંથારિયા તથા ડૉ.રાજેશ રાઠોડે સેવા આપી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન કૉલેજ ઓફ એજયુકેશન બી.એડ્., નાની દમણના આર્ચાય ડૉ. બાબુભાઈ ટંડેલે કર્યું હતું અને કાર્યક્રમનું સંચાલન ડૉ.ગીતાબેન પટેલ કર્યું હતું. આ કાર્યક્રમમાં શ્રી માછી મહાજન મંડળ, નાની દમણના ચેરમેન શ્રી પ્રમોદભાઈ દમણિયા અને સેક્રેટરી શ્રી નરસિંહ દમણિયા રહ્યા હતાં.

શાહ એન.એચ.કોમર્સ કોલેજ વલસાડમાં " કરિયર ઈન મીડીયા" વિષય ઉપર પ્રિ.ડૉ.જે.એમ.નાયકના માર્ગદર્શન હેઠળ કોમર્સ ડિપાર્ટમેન્ટ દ્વારા સેમિનાર યોજાયો હતો. આ સેમિનારમાં અમદાવાદના શ્રી તુષારભાઈ પટેલે રીસોર્સ પર્સન તરીકે સેવા આપી હતી. મીડીયામાં કારકિર્દી વિષયક ખૂબ જ ઉપયોગી એવા માહિતી પાવર પોઈન્ટ પ્રેઝનટેશન દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. NICMJના વિદ્યાર્થીઓ દ્વારા બનાવેલ ડોકયુમેનટરી ફિલ્મો પણ બતાવવામાં આવી હતી. આ પ્રસંગે પ્રિ.ડૉ.જે.એમ.નાયક  જણાવ્યું હતું કે " આવા સેમિનાર યોજવા પાછળનો હેતુ ટી.વાય.બી.કોમ. માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનોને પોતાની કારકિર્દી ઘડવા માટે ઉપયોગી માર્ગદર્શન આપવાનો છે. પ્રા. ડૉ.હશ્મીબેન પટેલે સેમિનારનું સંચાલન કર્યુ હતું.

સી.ડી. પચ્ચીગર કોલેજ ઓફ હોમિયોપેથીક મેડીસીન એન્ડ હોસ્પિટલ, સુરત ખાતે વિવિધ પરીસંવાદોનું આયોજન થયું હતું. તા. ૧૯/૧૦/૧૩ના રોજ ડૉ. કૃણાલ કોસાડ દ્વારા 'હોમિયોપેથીમાં સફળ કઈ રીતે થવું', તા.૨૪/૧૦/૧૩ના રોજ ડૉ.પિયુષ ટેલર દ્વારા 'ગ્લુકોઝ મેટાબોલીઝમ', તા. ૨૫/૧૦/૧૩ના રોજ ડૉ. મેઘના જારંગ દ્વારા 'ઈન્ફટીટી' પર પરિસંવાદ આપ્યો હતો.

## આરોગ્ય

શ્રી ઈશ્વરભાઈ ખોડાભાઈ ચાવડા ગ્રામ વિદ્યાયક કહાનવાડી ખાતે ૧/૧૨/૧૩ના રોજ વિશ્વ એઈડ્સ દિનની ઉજવણી શ્રી નવજીવન ગ્રામ વિકાસ કેન્દ્રના સહયોગ શ્રી કલ્પેશકુમારે એઈડ્સની જાણકારીની સમજ રાષ્ટ્રીય સેવાના સેવકોને સ્લાઈડ શોથી આપવામાં આવી હતી. લગભગ ૧૯૦ વિદ્યાર્થીઓ આ ઉજવણી પ્રસંગનો લાભ મેળવ્યો હતો.


**VNSGU**
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**

Tel : +91 - 261 - 222 71 41 - 46  Fax : +91 - 261 - 222 73 12    Visit us at : www.vnsgu.ac.in



**Editor : Dr. B J Ankuya, Assistant Librarian**

**Published by : Dr. J R Mehta, Registrar**

Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com